ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૦ ટકા

# શહેરની આસપાસ મોલો મસીનો ઉપદ્રવ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારમાં મોલો મસીનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. આ મોલો મસીના કારણે ટુ-વ્હીલર વાહન ચાલકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. મોલો મસી વાહનચાલકોની આંખમાં જતા આંખનું ઈન્ફેંકશન થાય છે. તો બીજી તરફ મોલો મસીના હેવી આક્રમણથી ખેતીના ઉભા પાકને નુકસાન પહોંચાડે છે.જેથી ખેડુતોને પણ મોલો મસીના પગલે પાક ઓછો આવતા અને પાક બગડતા આર્થિક નુકશાન વેઠવાનો વારો આવી રહ્યો છે. ત્યારે આ મોલો મસીના ઉપદ્રવને ડામવા તંત્ર દ્વારા કવાયત હાથ ધરાય તેવું નાગરીકો અને ખેડુતો ઈચ્છી રહ્યા છે.

શિયાળાની સવાર અને સાંજના સમયે શહેરના માર્ગો પર નાની જીવાત જોવા મળી રહી છે. આ જીવાત નાગરીકોના આંખમાં જતા આંખના રોગ તેમજ ઈન્ફેકશન થાય છે. વાહન ચાલકોની આંખની સાથે કપડા પર પણ આ જીવાત ચોંટી જાય છે. સવાર સાંજ જોવા મળતી નાની જીવાત મોલો મસીના નામથી ઓળખાય છે. ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં સવાર અને સાંજ મોલો મસીનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. ત્યારે મોલો મસીના આક્રમણથી નાગરીકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે ખેડુતો માટે પણ મોલો મસી જોખમી સાબિત થાય છે. ખેડુતોના ઉભા પાકને આ મસી નુકશાન પહોંચાડે છે. વિવિધ ખેતપેદાશને નુકશાન થવાથી ખેડુતને આર્થિક નુકશાનનો સામનો આ મોલો મસીના કારણે કરવો પડે છે. હાલ નાગરીકો આંખમાં મોલો મસીને કારણે આંખના રોગ તેમજ ઈન્ફેકશન થતું હોવાથી આંખના ડોકટરના કલીનીક પર દર્દીઓની લાંબી કતરો જોવા મળે છે. તો બીજી તરફ મોલો મસીના આક્રમણથી ઉભા પાકને બચાવવા માટે પણ ખેડુતો વિવિધ તરકીબો અપનાવી રહ્યા છે. ત્યારે નાગરીકોની મોલોમસીના ઉપદ્રવને ડામવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી છે.

## ગાંધીનગરની આસપાસથી પસાર થતી નર્મદા નહેરની સફાઈ હાથ ધરાઈ




ગાંધીનગર, તા.૪

ઉત્તર ભારત સહિત દેશભરમાં ભલે ગંગા સફાઈ એક ચુંટણી મુદ્દો હોય પરંતુ ગાંધીનગરની આસપાસથી પસાર થઈ રહેલી નર્મદા કેનાલની સફાઈ વગર ચુંટણી મુદ્દો બને સાફ થઈ રહી છે. આ સફાઈ કાર્ય માટે તંત્ર દ્વારા એક ખાસ પ્રકારના મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જે કેનાલમાંથી લીલ સહિત અન્ય ગંદકીને એકત્ર કરી બહાર કાઢવાનું કામ સરળથાથી કરી રહ્યું છે.

ગાંધીનગરની આસપાસથી નર્મદાની મુખ્ય નહેર પસાર થઈ રહી છે અને નર્મદા નહેર ગુજરાતની જીવાદોરી છે, નર્મદા નહેરને કારણે રાજયમાં ખેડૂતો વર્ષના ત્રણથી ચાર પાક લેવા સક્ષમ બન્યા છે તેમજ ગાંધીનગર સહિતના નાગરિકોને નર્મદાનું શુધ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક સમથી નર્મદા નહેરમાં લીલ જામવાની સમસ્યા જોવા મળી રહી છે. આ ઉપરાંત અનેક નાગરિકો દ્વારા પણ નહેરમાં વિવિધ પ્રકારનો કચરો, પ્લાસ્ટિક તથા ધાર્મિક વિધિ કે અનુષ્ઠાન વગેરે બાદ વધેલો પુજાપો, ચુંદડી વગેરે પધરાવી નહેરને ગંદી કરવામાં કસર છોડવામાં આવતી નથી. આ સ્થિતિમાં તંત્ર દ્વારા નહેરને સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે અને જે માટે મોટી ક્રેઈન જેવું એક મશીન ઉપયોગમાં લેવામાં આવી રહ્યું છે. જે નહેરમાંથી લીલ સહિત મોટાભાગના કચરો એકત્ર કરી બહાર કાઢી લેવામાં ખૂબ મદદરૂપ થઈ રહ્યું છે.

## સેકટર-૩ બીમાં ગટર સંબંધીત સમસ્યાનું નિરાકરણ લાવવા રહીશોની માંગણી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેકટર-૩ બી ના આંતરીક માર્ગ પર આવેલ ગટર છેલ્લા ઘણા સમયથી જર્જરીત હાલતમાં છે. જયારે ગટરનું ઢાંકણુ તુટી ગયું હોવાથી હવે ત્યાં ખાડો પડી જવા પામ્યો છે. જેથી સેકટરના અવર-જવર કરતા વાહન ચાલકો અને નાગરીકો માટે આ ખાડો જોખમી સાબિત થઈ શકે છે. તો બીજી તરફ નાગરીકોને પણ પોતાના જોખમે આ માર્ગ પરથી પસાર થવું પડે છે. ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા આ ગટરનું રીપેરીંગ હાથ ધરવામાં આવે તેવી સ્થાનિકોની લાગણી અને માંગણી છે.

પાટનગરમાં છેલ્લા ઘણા સમયથી ગટરના પ્રશ્ન ઉદ્દ્ભવે છે. ગટર ઉભરાતી હોવાના કિસ્સા રોજ સાંભળવા મળે છે ત્યારે ગટરના ઢાંકણા તુંટી કે ચોરાઈ જવાના બનાવ પણ સામે આવ્યા છે. તેવી સ્થિતિમાં શહેરના ગ માર્ગને અડીને આવેલા સે-૩ બી ના આંતરીગ માર્ગ પર કેટલાક દિવસોથી ગટર તુટી ગયેલી હાલતમાં છે. ઢાંકણ વગરની આ ગટર ખાડામાં રૂપાતરીત થવા પામી છે. ત્યારે સેકટરના સ્થાનિક રહીશો આવન જાવન માટે આ માર્ગનો જ ઉપયોગ વધુ કરે છે. ત્યારે આ ગટર સ્થાનિક રહીશો જોખમી સાબિત થઈ શકે છે ત્યારે આ ખાડાને પગલે કેટલાક મુંગા પશુ પણ અંદર પડી ગયાના કિસ્સા સામે આવ્યા છે. જયારે અંદર ખાબકેલા પશુઓને ઈજા પણ પહોંચી છે. તો બીજી તરફ વાહનચાલકોને વળાંકમાં જ ગટર હોવાથી અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જેથી સત્વરે ગટરનું કામ કરવામાં આવે તેવી સ્થાનિક રહીશો દ્વારા માંગ ઉઠવા પામી છે. જો આ સમસ્યાનું નિરાકરણ નહી આવે તો ગંભીર અકસ્માત સર્જાવાની પણ દહેશત પણ સેવાઈ રહી છે.



નવી દિલ્હી ખાતે ૭૦મા પ્રજાસત્તાક દિનની ઉજવણી દક્ષિણ આફ્રિકાના પ્રમુખની ઉપસ્થિતિમાં દબદબાભેર કરવામાં આવી હતી. જેમાં દર વખતની જેમ રાષ્ટ્રીય પરેડ મુખ્ય આકર્ષણ બની હતી. રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતનો ટેબ્લો મહાત્મા ગાંધીજીના ૧૫૦મા જન્મજયંતિ વર્ષને અનુલક્ષીને 'ઐતિહાસિક દાંડીયાત્રા' થીમ આધારિત રજુ કરાયો હતો. જેમાં ગાંધીનગરના ચિરાગ અડાલજાના મલ્હાર ગ્રુપ દ્વારા ગાંધી ભજનો નૃત્યો સાથે પ્રસ્તુત કરાયા હતા. આ પ્રસ્તુતિમાં ગાંધીનગરના સે-૮માં રહેતી બે બહેનો કિંજલ ટાંક અને નિધિ ટાંક પણ જોડાઈ હતી. સમગ્ર ગ્રુપના પરફોર્મન્સને ઉપસ્થિત વડાપ્રધાન, રાષ્ટ્રપતિ તથા અન્ય મહાનુભાવો અને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું હતું.

### @ગાંધીનગર

● ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે નવી ૨૫ બસોનો લોકાર્પણ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે યોજાશે.

● ઉમિયા રથ સવારે ૭ થી ૧ સે-૧ થી ૧૨ અને બપોરે ૨ થી ૮ સે-૧૩થી ૨૦ ખાતે પરિભ્રમણ કરશે રાત્રે ૮ થી ૯ કલાક દરમિયાન આરતી યોજાશે.

● લોદરા ખાતે આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન કેમ્પ સવારે ૯.૩૦ થી ૧.૩૦ કલાક દરમિયાન પીટીસી કોલેજ બસ સ્ટેન્ડ, લોદરા ખાતે યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો પંચેદવ મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો જયોત્સનાબેન ડી. શાહ પ્લોટ નં. ડી-૨/૧૦૬ શુભકેન્ડીડ કુડાસણ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો ગીતાબેનના નિવાસસ્થાને પ્લોટ નં. ૧૭૫ શ્રીરંગપાર્ક ખાતે બપોરે ૧૨ થી ૩ કલાક દરમિયાન યોજાશે.

● મિશન મંગલમ અંતર્ગત કામ કરતા કર્મચારીઓ પડતર પશ્નો અંગે સવારે ૧૧ કલાકે ઉદ્યોગભવન એમ.ડી.ને રજુઆત કરશે.

### ચિરવિદાય

- સ્વ. સોલંકી લક્ષ્મીબેન માધાજી, ઉ.વ. ૮૫
- સ્વ. પટેલ મધુબેન લાલભાઈ, ઉ.વ. ૭૬

## ઈન્સ્યોરન્સમાં રોકાણ કરીને હોમ લોન અપાવવાના બહાને ૧૭ લાખની છેતરપિંડી

### નિવૃત્તિ બાદ આવેલા પૈસાનું રોકાણ કરનાર વૃદ્ધ છેતરપિંડીનો ભોગ બન્યા : ૯ સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૪

ઈન્સ્યોરન્સમાં રોકાણ કરીને હોમ લોન અપાવવાના બહાને છેતરપિંડી કરતી ગેંગ સક્રિય છે ત્યારે ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં રહેતા એક નિવૃત્ત વૃદ્ધ આ ગેંગનો શિકાર બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. ચારેક વર્ષ પહેલાં નિવૃત્ત થયેલા આ વૃદ્ધ પર અલગ અલગ નંબર પરથી અલગ અલગ સમયે આ ગેંગના સાગરિતોના ફોન આવ્યા અને ઈન્સ્યોરન્સમાં રોકાણ કરીને હોમ લોન અપાવવાની લાલચ આપી હતી. વાવોલના વૃદ્ધ આ ગેંગની વાતો માં આવી ગયા અને તેમને આ ગેંગના સાગરીતો ૧૭ લાખનો ચૂનો લગાવી ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. વૃદ્ધે આ મામલે સેકટર-૭ પોલીસ મથકમાં નવ શખ્સો સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં સ્થિત વૈદેહી રેસીડેન્સી ખાતે રહેતા ૬૩ વર્ષીય દીપકભાઈ ભાઈશંકરભાઈ દવે નિવૃત્ત થયા બાદ મકાનની શોધખોળ કરી રહ્યા હતા ત્યારે ચારેક વર્ષ પહેલા તેમના ઉપર ચીટર ગેંગના ફોન શરૂ થઈ ગયા હતા. ઈન્સ્યોરન્સમાં રોકાણ કરીને હોમ લોન આપવાની લાલચ આપીને છેતરપિંડી કરતી આ ગેંગે ચાર વર્ષના સમયગાળામાં અલગ-અલગ વ્યક્તિઓના નામ થી અલગ અલગ નંબર દ્વારા ફોન કરી વિવિધ બેંક ખાતામાં રૂપિયા પડાવ્યા છે. ચારેક વર્ષ પહેલા સુમીત વર્મા નામની વ્યક્તિનો તેમના પર ફોન આવ્યો હતો જેને પૈસા ઈન્વેસ્ટ કરીને હોમલોન આપવાની વાત કરી હતી. જેને પગલે સૌથી પહેલાં તેમણે ૩૨ હજારનો ચેક અને દસ્તાવેજો દિલ્હી ખાતે એક્ષીસ કેર ઓફ પુજા એફ-૧૨ના નામે મોકલી આપ્યો હતો. ત્યાર બાદ તેમના પર આર. કે. મીત્તલ નામની વ્યક્તિનો ફોન આવ્યો અને ૨૬ લાખની હોમ લોન અને વિમાના ૨૮ લાખ પાસ થયા હોવાનું કહીને આરટીજીએસ નામે ૧૫ હજારની માંગણી કરી હતી. આ પ્રકારે દીપકભાઈને ૨૦૧૪થી ૨૦૧૮ એટલે ચાર વર્ષ સુધી ઈન્સ્યોરન્સના સર્વાયલ બેનિફીટ તથા શેર ઈન્વેસ્ટેમેન્ટ તથા હોમ લોનની ફાઈલના નામે જુદા-જુદા નંબરો પરથી જુદી-જુદી વ્યક્તિએ ફોન કરીને પૈસા માંગ્યા હતા. જેને પગલે તેઓએ કહેવાતા પાસ થયેલા ૬૦ લાખ રૂપિયા મેળવવા માટે કુલ ૧૭,૦૧,૨૧૭ રૂપિયા ઈ-પેમેન્ટ અને ચેકથી ભર્યા હતા. ૧૭ લાખ રૂપિયા ભરવા છતાં હોમલોન કે ઈન્સ્યોરન્સના પૈસા ન મળતા ફરિયાદીએ પોલીસ અધિક્ષક ગાંધીનગર સમક્ષ પણ આ મુદ્દે અરજી કરી હતી. જોકે, આરોપીઓએ અવારનવાર ફોન પર વાત કરીને તેમને પૈસા મોકલી આપવાનું કહેતાં હતા જેને પગલે તેઓ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. જોકે, અંતે કંટાળેલા વૃદ્ધે આ મામલે ૯ શખ્સોના નામ, મોબાઈલ નંબર અને બેંક ખાતા નંબર સાથે ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરમાંથી દારૂ-બિયરની હેરાફેરી કરતી ઈકો ગાડી ઝડપાઈ

### સેક્ટર-૨૮ એન્જિનિયરિંગ કોલેજ થી ચરેડી વચ્ચેના રોડ પરથી પોલીસે ગાડી પકડી : એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૪

દારૂબંધી હોવા છતાં ગુજરાતમાં કદાચ સૌથી વધુ દારૂ પીવાતો હશે. વિદેશી દારૂ બિયરની બેરોકટોક હેરાફેરી થઈ રહી છે ત્યારે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પણ દારૂ બિયર ધૂમ વેચાય છે. જોકે પહેલાં જેમ સ્ટેન્ડ ચાલતા હતા તે પધ્ધતિ બુટલેગરોએ બદલી નાખી છે. હવે બીજા રાજ્યોમાંથી દારૂનો ટ્રક મુખ્ય બુટલેગરો સુધી પહોંચે અને ત્યાંથી દારૂ કટીંગ થઈને અલગ અલગ ગાડીઓમાં તમામ શહેરો અને જિલ્લાઓમાં પહોંચાડી દેવાય છે. આ પ્રકારની હેરાફેરી થઈ ગયા બાદ હવે બુટલેગરોને નવી પધ્ધતિ મુજબ દારૂ બિયરની હોમ ડિલિવરી શરૂ કરી દેવામાં આવી છે. ગાંધીનગરમાંથી દારૂની હેરાફેરી કરતા અનેક વાહનો ત્યાં સુધી પકડાયા છે ત્યારે વધુ એક ઈકો ગાડી પોલીસના હાથે ઝડપાઈ ગઈ છે.

મળતી વિગત મુજબ સેક્ટર-૨૧ પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે સફેદ કલરની ઈકો ગાડી નંબર જીજે ૧૮ એ.ઝેડ ૭૭૦૮માં માણસા બાજુથી વિદેશી દારૂ ભરીને ગાંધીનગર તરફ લવાઈ રહ્યો છે. જેને આધારે પોલીસે ઘ-૭ સર્કલ પાસે વોચ ગોઠવી હતી. બાતમી વાળી ગાડી આવતા પોલીસે રોકવા માટે ઈશારો કરતાં ગાડી ચાલકે ગાડી સે-૨૮ તરફ ભગાવી મુકી હતી. તેનો પીછો કરીને પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. કલોલના મોટાવાસ ગામમાં રહેતા વિજય પ્રવિણસિંહ ચાવડા નામના શખ્સને પકડીને પોલીસે ગાડી ચેક કરતાં તેમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલો અને બીયરના ૨૪ ટીન મળી આવ્યા હતા. પોલીસે આરોપી પાસેથી દોઢ લાખની કિંમતની ગાડી, દારૂનો જથ્થો અને પાંચ હજારની કિંમતનો મોબાઈલ મળી કુલ રૂ. ૧,૮૧,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




### ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

સ્ટાફ ટ્રેનીંગ કોલેજમાં ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા ધોરણ-૧ થી ધોરણ-૯ અને ધોરણ ૧૧માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે તેમજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ તથા સ્નાતક-અનુસ્નાતકમાં પ્રથમ વર્ગમાં આવનાર વિદ્યાર્થીઓને સન્માન કરવા માટેના સમારોહ ઈન્ટેલીજન્સ શાખાના વડા-આઈજીપી શ્રી આરબી બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## આખા દેશને જગાડો અને ભાજપને ભગાડો : પ્રજાપતિ સમાજની ભાજપનો જાકારો આપવાની તૈયારી

ગાંધીનગર, તા.૪

લોકસભાની ચૂંટણી નજીકમાં છે ત્યારે ચૂંટણી લક્ષી હરકતો પણ ધીમે ધીમે તેજ બનતા હળવો રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્રજાના મત મટોરી સત્તામાં બેસતા નેતાઓનો હિસાબ કરવા પણ મતદારો નવા સમીકરણો રચવા ઉત્સુક છે. આવા સંજોગોમાં ચૂંટણીને અનુલક્ષીને વિરોધનો વંટોળ અત્યારથી જ શરુ થઈ ગયો છે. આખા દેશને જગાડો ભાજપને ભગાડોના સૂત્ર સાથે ગાંધીનગર પ્રજાપતિ સમાજે આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપને જાકારો આપવાની તૈયારી કરી દીધી છે.

ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખ ભીમજીભાઈ પ્રજાપતિએ ભાજપ પ્રત્યે તેમનો આક્રોશ અને અસંતોષ વ્યકત કરતા જણાવ્યું છે કે આગામી લોકસભા ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને પ્રજાપતિ સમાજ જાકારો આપશે. આખા દેશને જગાડો ભાજપને ભગાડોના સૂત્ર સાથે શેરીએ શેરીએ નારા લગાવવાની તૈયારી પણ સમાજે દાખવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૪ની ચૂંટણીમાં સમાજે ભાજપને ખોબે ખોબે મત આપ્યા હતા. પરંતુ ભાજપના નેતાઓએ અમારા જ પગ ઉપર કુહાડી મારવાનું કામ કર્યું છે. આગામી ચૂંટણીમાં અમે ભાજપ વિરુધ્ધ કામ કરીને કોઈ પણ ભોગે ભાજપને હરાવીશું.

## હસ્તકળાના કારીગરો તથા વિદેશી મુલાકાતીઓ વચ્ચે ગાંધીનગરના વિદ્યાર્થીઓ કડીરૂપ બન્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આજે ગરવી ગુર્જરી આંતરરાષ્ટ્રીય બાયર સેલર મીટ ૨૦૧૯નો પ્રારંભ થયો છે. ચાર દિવસ ચાલનારી આ મીટમાં ગુજરાતની ભાતીગળ હસ્તકળાની અસંખ્ય ચીજવસ્તુઓ સાથે તેને બનાવનારા કલાકારો ઉપસ્થિત છે જેમને મળવા વિવિધ દેશોના હસ્તકલા રસિકો અને આંતરરાષ્ટ્રીય વ્યાપારીઓ આવી રહ્યા છે. પ્રદર્શન દરમિયાન વિદેશી મુલાકાતીઓ સાથે વાતચીત સરળ રીતે થઈ શકે તે માટે પીડીપીયુના વિદ્યાર્થીઓ મહત્વની સેવા પુરી પાડી રહ્યા છે. ગરવી ગુર્જરી આંતરરાષ્ટ્રીય બાયર-સેલર્સ મીટ ખાતે યોજાયેલા પ્રદર્શનમાં ગુજરાતના હાથશાળ અને હસ્તકળા ક્ષેત્રના કારીગરો દ્વારા બાંધણી, ટાંગલીયા વર્ક, સુજની, પેચવર્ક, અમ્બ્રોયડરી, અજરખ પ્રિન્ટ, બ્લોક પ્રિન્ટ, બાટીક પ્રિન્ટ, મશરૂ આર્ટ, હેન્ડમેઈડ જ્વેલરી, પટોળા સાડી, કલમકારી, મોતીકામ, વુડન ક્રાફટ, લેધર વર્ક, બામ્બુ આર્ટ, મેટલ ક્રાફટ, સ્ટોન કાર્વિંગ, મડ મીરર વર્ક, કોપરબોલ, જરીકામ, વુલન શાલ, પીઠોરા પેઈન્ટિંગ, વારલી પેઈન્ટિંગ, રોગાન આર્ટ અને મીનાકારી વગેરે રજુ કરવામાં આવે છે. આ પ્રદર્શનની આંતરરાષ્ટ્રીય વેપારીઓ તથા હેન્ડીક્રાફટમાં રસ ધરાવતા વિદેશીઓ મુલાકાત લઈ રહ્યા છે. વિવિધ દેશોના મુલાકાતીઓ આવતા હોવાથી સૌથી મોટી તકલીફ ભાષાની નડે પરંતુ ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું એક જુથ પ્રસંશનીય સેવા આપી રહ્યું છે. અંદાજે ૭૦થી વધુ વિદ્યાર્થીઓ સ્ટોલધારકો અને વિદેશી મુલાકાતીઓ વચ્ચે 'દુભાષિયા'ની ભૂમિકા ભજવી તેમનું આદાન પ્રદાન સરળ બનાવી રહ્યા છે. બીજી તરફ વિદેશી મુલાકાતીઓ હસ્તકળાની ચીજવસ્તુઓ બેક ગ્રાઉન્ડમાં આવે તે રીતે સેલ્ફી લેતા પણ નજરે ચઢયા હતા.



'અહીં આવતા વિદેશીઓ વિવિધ અલગ અલગ દેશોમાંથી આવે છે, મોટા ભાગના કોમન અંગ્રેજીમાં વાતચીત કરે છે, પરંતુ દરેકના ઉચ્ચાર અલગ અલગ હોવાથી આપણા સ્ટોલધારકો જેઓને અંગ્રેજી આવડતું હોય તેઓ પણ સમજવામાં તકલીફ અનુભવે છે વળી મોટાભાગના કારીગરોને તો અંગ્રેજી આવડતું હોતું નથી તેથી અમારા થકી તેમની વાતચીત સફળ બને છે.'

**- યશવી શ્રોફ**
**વિદ્યાર્થીની, પીડીપીયુ**








'વિદેશી મુલાકાતીઓ આપણી હસ્તકળામાં ઘણો રસ દાખવે છે અને તેઓ તેને ઝીણવટપૂર્વક સમજવામા માંગતા હોય છે. આ સમયે આપણા કારીગરો પોતાની માતૃભાષામાં સારી રીતે સમજાવી શકે છે અને તેને અમે યોગ્ય રીતે ટ્રાન્સલેટ કરી મુલાકાતીઓને સમજાવીએ છીએ. આ કાર્યથી અને પણ ઘણું જાણવા મળે છે.'

**- અદિતિ ઠાકર**
**વિદ્યાર્થીની, પીડીપીયુ**